# શું મોઢેરાનું સૂર્યમૂર્તિ વડનગરમાં છે ?

**પ્રિ. ડૉ. રેણુકાબેન રાજપૂત**

ફેકલ્ટી ઓફ આર્ટ્સ, હ્યુમિનિટીઝ & સોશ્યલ સાયન્સ.

ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી, સિધ્ધપુર.

## ભૂમિકા :

ડૉ. બ્યુલર કહે છે. તેમ "પુરાણોમાં નોંધ્યા તે પ્રમાણે સત્યયુગમાં ચમત્કારપુર, ત્રેતાયુગમાં આનર્તપુર, દ્વાપરયુગમાં આનંદપુર અને કળીયુગમાં વૃધ્ધનગર નામથી જાણીતું નગર એ જ આજના ઉત્તર ગુજરાતમાં આવેલું હાલનું વડનગર છે." 'નગર' શબ્દ નાગર શબ્દ પરથી આવ્યો છે. નગરે વસતિ ઈતિ નાગર" નગર ઉપરથી વડનગર નામાભિધાન થયું હશે." મનુનો પુત્ર શર્યાતિ અને શર્યાતિનો પુત્ર આનર્ત આ આનર્ત રાજાનો પ્રદેશ હોવાથી આનર્ત તરીકે ઓળખાય છે. ગુજરાતની પ્રથમ સાંસ્કૃતિક રાજધાની એટલે વડનગર. વડનગરનો ઈતિહાસ એટલે સાહિત્ય, સંગીત અને શિલ્પ સ્થાપત્યની પ્રવૃત્તિઓનો ઈતિહાસ, સાહિત્ય, શિક્ષણ, પુરાતત્ત્વ અને લોકસાહિત્યમાં આ નગર પૌરાણિક નગર તરીકે ઓળખાય છે. તેમાં મોઢેરાનું સૂર્યમંદિર જગવિખ્યાત સૂર્યદેવની મૂર્તિ વિશે માહિતી જાણવા મળે છે.

## શું મોઢેરાનું સૂર્યમૂર્તિ વડનગરમાં છે ?

સૂર્ય આદિદેવ ગણાય છે. સૂર્ય જ જગતની આંખ છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના હેતુરૂપ છે. સૂર્ય એટલે પ્રભાકર, દિવાકર, રવિ, ભાનુ, આદિત્ય, અર્ક, ભાસ્કર, ત્રણ ગુણના આત્માસ્વરૂપ સૂર્ય સ્વયં નારાયણ મનાય છે. દુનિયાની તમામ મૂળ સંસ્કૃતિઓએ, એક યા બીજા રૂપે, સૂર્યનો મહિમા કર્યો છે. ભારતમાં વર્ષો સુધી સૂર્યનાં મંદિરો સર્જાતાં રહ્યાં.

મોઢેરાનું સૂર્યમંદિર વિશ્વવિખ્યાત છે. સ્થાપત્યકળાનો એ ઉત્તમ નમૂનો છે. ગુજરાતનું જ નહિ, ભારતનું એ ગૌરવ ગણાય છે. એનો કલાવૈભવ આકર્ષણ છે. ભવ્યાતિભવ્ય એનું શિલ્પ છે. કલાત્મકતામાં એ વિશ્વવિખ્યાત છે. ઓરિસ્સાના કોણાર્ક ના સૂર્યમંદિર કરતાં પણ એ પ્રાચીન છે. ૨૩.૫ ઉત્તર અક્ષાંશ કર્કવૃત્ત પર તે આવેલું છે.

મોઢેરા અતિ પ્રાચીન સ્થળ છે. મંડલગ્રામ, મોહેરકપુર, મોઢેરક, ધર્મારણય, સત્યમંદિર, વેદભુવન, આદિત્યપુર જેવાં એનાં નામ મળી આવે છે. એક સમયે આ ગામ મોટું બંદર હતું. વડનગરની જેમ જ, તે અસંખ્ય ભગ્નાવશેષો ધરાવે છે. તે ટીંબા ઉપર વસેલું છે. રામચંદ્ર ભગવાને અહીં સૂર્યમંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલો તેવી લોકવાયકા છે. અત્યારનું સૂર્યમંદિર અણહિલપુર પાટણની રાજવી ભીમદેવ સોલંકીએ ઈ.સ. ૧૦૨૭ (વિ.સં.૧૦૮૩)માં બંધાવ્યું હતું. તે પુષ્પાવતી નદીના કિનારા ઉપર આવેલું છે. અનેક દંતકથાઓની પ્રચુરતા ધરાવતું આ મંદિર એના કલાવૈભવ માટે વિશ્વવિખ્યાત છે. પણ કમનસીબે મંદિરના મૂળનાયક – સૂર્યદેવની મૂર્તિનો અભાવ છે.

આ મંદિરનાગર્ભગૃહની અંદર વિ.સંવત ૧૦૮૩નો એક શિલાલેખ છે. પ્રબંધ ચિંતામણી નામના ગ્રંથમાં સોલંકી રાજવી ભીમદેવને 'ત્રિપુરાપ્રાસાદ' બંધાવનાર તરીકે વર્ણવ્યો છે. વડનગરના 'અર્જુનબારી દરવાજા'ના શિલાલેખમાં તેને, "પોતાના શત્રુઓને ભયંકર, મિત્રોને નિત્ય ઉપયોગ આપનાર, ભૂમિના ભારતનું વહન કરનાર, તેમજ સાધનામાં પરમ ચતુર" તરીકે ઓળખાવ્યો છે. મહમંદ ગિઝનીના આક્રમણ પછી આ સોલંકી રાજવી ભીમદેવે મોઢેરાના સૂર્યમંદિરનો અને પ્રભાસ પાટણના સોમનાથ મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો.

મોઢેરાનું પ્રવર્તમાન સૂર્યમંદિર ૧૪૫ લાંબુ અને ૮૦ પોહળું છે. તેના ગર્ભગૃહ ૧૧*૧૧ ચો. ફૂટ છે. ગર્ભગૃહમાં હાલ પ્રાચીન સૂર્યમૂર્તિ જોવા મળતી નથી. પણ તે જગ્યાએ એક ખાડો છે. જેમાં મૂળ નાયકની બેઠક ખાલી પડેલી છે. મા.શ્રી ચિનુભાઈ નાયક જેવા પુરાતત્ત્વ નિષ્ણાંતો માને છે કે આ મંદિરની પૂજાતી સૂર્યમૂર્તિ ૫.૫. ફૂટ ઊંચી હોવી જોઈએ . સને

૧૩૧૧માં અલાઉદ્દીન ખીલજીના સેનાપતિ ઉલૂધખાને ગુજરાત પર આક્રમણ કર્યું હતું. મા.શ્રી ચિનુભાઈ નાયકના મત મુજબ અહીંના બ્રાહ્મણોએ અહીંની મૂર્તિને, પૂર્વદિશામાં, આક્રમણથી બચાવી લેવા, મોકલી આપી હતી. આ મૂર્તિ મોઢેરાથી પૂર્વ દિશામાં કયાં ગઈ હોવી જોઈએ ?

સોલંકી યુગમાં વડનગરનું નામ આંનદપુર હતું. એ બ્રાહ્મણોથી સેવાતું નગર ગણાતું. વળી ત્યાં સૂર્ય-ઉપાસના ભરપૂર હતી. આનર્તના ઘણાં ગામોમાં સૂર્યમંદિરો હતાં. આજે પણ ખેરાલુમાં સૂર્યમંદિર છે. સિપોરમાં સૂર્યમૂર્તિ છે. વડનગરમાં સાતેક સ્થળે સૂર્યમૂર્તિઓ, આજે પણ છે. નાગરખંડ કહે છે તેમ વડનગરમાં સૂર્યપૂજાનો પ્રચાર જોરશોરથી ચાલતો હતો. જૈન આગમમાં જણાવ્યા પ્રમાણે વડનગરનું એક નામ 'અર્કસ્થલી' હતું. નાગરખંડમાં સાંબાદિત્ય, વટાદિત્ય, પુષ્પાદિત્ય, નાગરાદિત્ય, રત્નાદિત્ય, શંખાદિત્ય વગેરે સૂર્ય સૂચક ઘણાં નામો છે. વળી વડનગરનું એક નામ 'કાલનગર' પણ કહ્યું છે. કાલ-સમય-સૂર્ય-એ મંદિરને 'કાલપ્રિય' પણ કહે છે. 'કાલપ્રિય' સૂર્યમંદિરનો ઉલ્લેખ વડનગરમાં મળી આવે છે. અહીં 'મોઢવાડો' પણ આવેલો છે. એ મોઢેરાની સૂર્યમૂર્તિને લઈને વડનગર આવ્યા હોય. વળી આ મૂર્તિ ગાડામાં આવી હતી. જેને બળદોની ૨૧ જોડ ઉપયોગોમાં લેવાઈ હતી તેવા ઉલ્લેખો પણ છે. મોઢેરાની આ સૂર્યમૂર્તિ અત્યારે વડનગરમાં કયાં છે ?

ગાંસકોળ દરવાજા નજીક લવેશ્વર-કુશેશ્વર મહાદેવના ઈશાન ખૂણાના વરંડા પર તે ઊભી છે. તેની ઊંચાઈ પ.પ. ફૂટ છે. મોઢેરાના મંદિરમાં વપરાયેલા પથ્થરમાં જ તે બનેલી છે. તેવી સંભાવના છે. માથે કિરીટ-મુગટ છે. (જેના ઉપર હીરાનો મુગટ મૂકાતો હશે.) હાથમાં પુર્ણ વિકસિત કમળો છે. સમભંગ-આ સ્થિતિમાં દેદીપ્યમાન ચહેરો છે. પગમાં હોલબૂટ છે. ( આજે આ મૂર્તિને રંગ ચડાવેલા છે, અને બૂટ પર સિમેન્ટના આંગળાં છે.) સ્વ. પ્રા. બી એસ. સુથારે ૨પ વર્ષ પર પાડેલા તેનો જૂનો ફોટો હાથવગો છે. આ મૂર્તિ મોઢેરાની છે કે કેમ ? તે તજજ્ઞો માટે શોધનો વિષય છે. સરકાર માટે પણ પડકાર છે. જયારે તેઓ મોઢેરાનો 'ઉત્તરાર્ધ ઉત્સવ' ઉજવવા જાય છે. આ મૂર્તિ ત્યાં હોવી જરૂરી છે.